# નગરજનોએ ઠંડીમાં હાશકારો અનુભવ્યો : પારો ૧૩.૬ ડિગ્રી

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં આજે ઠંડી અદ્રશ્ય થઇ ગઇ હતી.ઠંડીનો પારો આજે ગઇકાલની સાપેક્ષમાં વધુ ૩.૪ ડિગ્રી નીચે ઉતર્યો હતો. અલબત્ત લઘુત્તમ તાપમાન હળવુ પડતા ઠંડીની અસર પણ અંશત : વર્તાઇ હતી. આકરી ઠંડીના અંતે લઘુત્તમ તાપમાન આજે ૧૩.૬ ડિગ્રીએ પહોંચી જતા કાતિલ ઠંડીમાંથી નગરજનોને છુટકારો મળ્યો હતો. જયારે મહત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રીએ પહોંચી ગયુ હતુ. જેથી દિવસે પણ નગરજનોએ ગરમી અનુભવી હતી. છેલ્લા બે દિવસ દરમિયાન ઠંડીનુ જોર હળવુ પડવાની સાથે મહત્તમ તાપમાન પણ ઉંચકાતા ઠંડીથી ત્રસ્ત નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો.

**મહત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રીએ પહોંચી જતા શહેરીજનોએ દિવસે ગરમીનો અહેસાસ કર્યો**

શહેરમાં છેલ્લા દોઢ મહીનાથી આકરી ઠંડીનુ મોજુ પ્રવર્તયુ છે. ઠંડીના લીધે નગરનુ જનજીવન પણ વિશેષ રીતે પ્રભાવિત થયુ છે. આવા સંજોગોમાં ગત બે દિવસ પુર્વે ઠંડીએ હદ વટાવતા ઠંડીનો પારો ૬.૪ ડિગ્રી સુધી પહોંચી જતા નગરજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી વચ્ચે ઠુંઠવાવાનો વારો આવ્યો હતો. સતત ઠંડીના લીધે નગરજનો કોલ્ડવેવની અસર વચ્ચે ઘરમાં જ રહેવાનુ પસંદ કરી રહ્યા હતા. જયારે આકરી ઠંડીના લીધે નગરના માર્ગો પર સાંજ ઢળતા જ સુનકાર પ્રવર્તેલો જોવા મળી રહ્યો હતો. જયારે ઠંડીના લીધે બેચેની અનુભવતા નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી હતી. પરંતુ છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં ગિરાવટ આવતા અલબત્ત લઘુત્તમ તાપમાન બે દિવસમાં ૫ ડિગ્રી ઉંચકાયુ હતુ. જયારે બીજીતરફ મહત્તમ તાપમાન પણ ૨૯ થી ૩૦ ડિગ્રી સુધી પહોંચી જતા નગરજનોએ આજે ઠંડીમાં રાહત અનુભવી હતી. સતત ઠંડીના લીધે નગરના શ્રમિકોની હાલત પણ કફોડી બની હતી. જો કે આગામી દિવસોમાં હજુ ઠંડીનો એક રાઉન્ડ આવશે તેમ પણ હવામાન નિષ્ણાંતો માની રહ્યા છે.

# ગાંધીનગરમાં ૨૦૨૩માં મેટ્રો દોડશે

ગાંધીનગર, તા.૧૨

લોકસભાની ચૂંટણી પહેલાં કેન્દ્રની મોદી સરકારે ગાંધીનગરને મેટ્રો રેલ આપવા અંગેનો પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. મેટ્રો સિટીના આ બીજા તબક્કામાં ગાંધીનગરના ગિફ્ટ સિટી તેમજ મહાત્મા મંદિરને આવરી લેવામા આવશે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૬૮૦૦ કરોડ અંદાજવામાં આવ્યો છે. અમદાવાદના મોટેરા થી ગાંધીનગરના ગિફ્ટ સિટી થઈને આ મેટ્રોરેલ મહાત્મા મંદિર સુધી જશે.

**કેન્દ્ર સરકારની મંજુરી : બીજા તબક્કામાં ૨૮.૫ કિલોમીટરનો મેટ્રો ટ્રેક હશે, ગિફ્ટ સિટીના સ્ટેશન ઘડાડી દેવાયા, કુલ ખર્ચ ૬૮૦૦ કરોડ થવાની ધારણા**

મેટ્રો ટ્રેક અમદાવાદ થી મોટેરા સુધી આવ્યા પછી તેનું ગાંધીનગર સાથે જોડાણ કરાશે. મોટેરા થી ગાંધીનગર તરફ તપોવન સર્કલ થી કોબા જંકશન થઈ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગિફ્ટ સિટી, ઈન્ફોસિટી, સચિવાલય, અક્ષરધામ મંદિર અને છેલ્લે મહાત્મા મંદિર સુધીનો રૂટ તૈયાર કરવામાં આવનાર છે. ૨૮.૫ કિલોમીટરના આ રૂટની એક લાઈન લો યુનિવર્સિટી થી પીડીપીયુ થઈ ગિફ્ટ સિટી જશે. આ રૂટમાં ૨૦ મેટ્રો સ્ટેશન બનાવાશે. ગયા સપ્તાહમાં ભારત સરકારમાં મેટ્રો ઓથોરિટી એન્ડ પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ વચ્ચેની બેઠકમાં ગુજરાતમાં બીજા તબક્કામાં ગાંધીનગરને જોડવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારે ગિફ્ટસિટી સુધી મેટ્રોરેલ લઈ જવામાં કેટલાક વાંધા ઉભા કર્યા હતા પરંતુ રાજ્યએ બીજા તબક્કાના માર્ગ માટે છ કિલોમીટર લાઈન ટૂંકાવી દેતાં તેની મંજૂરી આપી દેવામાં આવી છે. સુધારેલા વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) ને કેન્દ્ર સરકારે મંજૂર કર્યો છે. મેટ્રો પ્રોજેકટના બીજા તબક્કાની પ્રારંભિક યોજના ઓક્ટોબર




૨૦૧૭ના રોજ ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી હતી - આ માર્ગની કુલ લંબાઈ ૩૪.૫૯ કિલોમીટર હતી, જેમાં પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (પીડીપીયુ) તરફથી અલગ લાઈન બનાવવામાં આવી હતી. એ ઉપરાંત ગિફ્ટ સિટીમાં કેમ્પસની

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩૦માં જુના અને કંગાળ ૩૦ સરકારી બ્લોક તોડી નાંખવામાં આવશે

ગાંધીનગર તા ૧૨

શહેરમાં તબક્કાવાર જુના અને જોખમી સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયારે જોખમી આવાસોનો કડુસલો કરી જગ્યા ખુલ્લી કરીને નવા આવાસો બાંધવાનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સે-૩૦ માં પણ હાલ નવા આવાસો તૈયાર થઈ રહ્યા છે. જયારે છ , જ અને ચ કક્ષાના વિવિધ ૩૦ બ્લોક તોડવા માટે પણ ટુંકમાં આયોજન કરાશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. જુના અને કંગાળ મકાનો તોડવામાં આવી રહ્યા છે. આમ પણ શહેરમાં રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા મકાનોની સંખ્યા ઓછી છે. શહેરમાં હાલ સેકટરોમાં સ્થિત વિવિધ કેટેગરીના મકાનો જોખમી હાલતમાં છે. જયારે જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી રહી છે. જયારે વિભાગ કક્ષાએથી મંજુરીના અંતે જુના અને જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. સે-૬ માં પણ નવા આવાસો તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે.જયારે હવે નવી ટાવર કોલોની બાંધવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

**રહેણાંકની દ્રષ્ટીએ જોખમી મકાનો તોડવા માટે વિભાગને દરખાસ્ત કરાઇ**

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંક માટે જોખમી હોવાનુ ધ્યાને આવતા સેકટરોમાં તબક્કાવાર મકાનો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ સે-૧૬ અને સે-૬ માં જોખમી મકાનો તોડવામાં આવ્યા હતા. જયારે હવે સે-૩૦ માં કંગાળ આવાસો તોડવા માટે પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સે-૩૦ માં જ , ચ અન જ અને છ કક્ષાના આવાસો તોડવા માટે તંત્ર દ્વારા સર્વેના અંતે દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં વિવિધ ૩૦ જેટલા બ્લોક તોડવા માટે પણ મંજુરી માટે જણાંવાયુ છે. જો કે આ આવાસો તોડવા માટે વિભાગ દ્વારા મંજુરી આપી દેવાયા બાદ આ જુના અને જોખમી મકાનો તોડવા માટે આયોજન હાથ ધરાશે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો જોખમી હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. ત્યારે તંત્ર દ્વારા પણ આ જોખમી મકાનોનો નિકાલ કરી નવા મકાનો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરાશે.

## વસંતના વધામણાં - કેસુડે આવ્યા ફુલ



# આગામી બોર્ડ પરીક્ષામાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધરશે

ગાંધીનગર તા ૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી મહીનામાં બોર્ડની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે બોર્ડ પરીક્ષામાં ગત વર્ષે ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી શાળાના આચાર્યોએ આગામી પરીક્ષાના અંતે શાળાના પરિણામમાં ૧૦ થી ૨૦ ટકાનો સુધાર આવશે તેવી ખાત્રી પણ જિલ્લા શિક્ષણતંત્રને આપી છે.

**નબળી શાળાઓના પરિણામમાં ૧૦ થી ૨૦ ટકાનો સુધાર આવશે : આચાર્યો**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણ તંત્ર દ્વારા જરૂરી આયોજન તેમજ તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. બીજીતરફ નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં પણ સુધાર લાવવા માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ગત વર્ષ દરમિયાન જિલ્લામાં ૧૧ જેટલી શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચે હોવાનુ ધ્યાને આવ્યુ હતુ .

જયારે આ પરિણામ સુધારવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા જરૂરી આયોજન કરી દેવાયુ હતુ. જે અન્વયે ગત વર્ષ દરમિયાન પણ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા શાળાના આચાર્યો સાથે બેઠકો કરી પરિણામ સુધારણા માટે શુ કરી શકાય તે અંગે બેઠક કરી હતી. જયારે આ અન્વયે વધારાના વર્ગો તેમજ શિક્ષકોને પણ તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત શાળાઓને દત્તક લેવા માટે તેમજ પડોશી શાળાના તજજ્ઞ શિક્ષકોના માધ્યમથી નબળા વિદ્યાર્થીઓ તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરી પરિણામ સુધારણા માટે આયોજન કરાયુ હતુ. આગામી બોર્ડ પરીક્ષાના અંતે જિલ્લામાં ૩૦ ટકાથી નબળુ પરિણામ ધરાવતી શાળાઓના પરિણામમાં ૧૦ થી ૨૦ ટકાનો સુધાર આવશે તેમ પણ જિલ્લા શિક્ષણ તંત્રએ જણાંવ્યુ છે. જિલ્લા શિક્ષણાધિકારીએ આ અંગે નબળુ પરિણામ ધરાવતા શાળાના આચાર્યો સાથે બેઠક કરી હતી. જયારે આ રીવ્યુ બેઠકના અંતે આ શાળાના આચાર્યોએ આગામી બોર્ડ પરીક્ષાના અંતે શાળાના પરિણામમાં ૧૦ થી ૨૦ ટકાનો સુધાર આવશે તેવી ખાત્રી પણ જિલ્લા શિક્ષણતંત્રને આપી છે.

# વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગનો કચ્ચરઘાણ

**તુટેલી ફેન્સીંગના પગલે ગંદકી અને રખડતા ઢોરનો અડ્ડો : મુખ્યમાર્ગો પર લોખંડની ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ પરંતુ હજુ મોટાભાગના ઠેકાણે સિમેન્ટના થાંભલા તુટેલા પડ્યા છે**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યામાં હાલ લોખંડની ગ્રીલ વાળી ફેન્સીંગ કરવામાં આવી





રહી છે. પરંતુ નગરના ઉભા માર્ગો પર હજુ પણ સિમેન્ટના તુટેલા થાંભલાઓના લીધે વન આરક્ષિત જગ્યામાં ગંદકી અને રખડતા ઢોર સહીત દબાણની સમસ્યાએ ભરડો લીધો છે. ગ-૨ થી ચ-૨ તરફ જવાના માર્ગ પર આવા જ દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જયારે વરસાદી દિવસો દરમિયાન પણ વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં લોખંડની ફેન્સીંગ કરવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જેમા નગરના ઘ અને ચ માર્ગ પર આ કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે.જયારે અન્ય ઠેકાણે પણ ફેન્સીંગનુ કામ હાથ ધરવા વનતંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હાલ નગરના અન્યમાર્ગો આસપાસ સ્થિત જુની અને કંગાળ ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે.જેના લીધે વન આરક્ષિત જગ્યામાં તુટેલા સિમેન્ટના થાંભલા વચ્ચે ગંદકીના ઢગ અને રખડતા ઢોર જોવા મળી રહ્યા છે. જયારે દબાણો પણ અડ્ડો કરી જાય છે.

આવા સંજોગોમાં નજીકમાં સ્થિત રહેણાંક વિસ્તારમાં પણ રહીશો પરેશાની વેઠી રહ્યા છે. ત્યારે વનતંત્ર દ્વારા ત્વરિત આ ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરના મોટાભાગના વિસ્તારમાં સ્થિત વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગની આ દશા છે. તુટેલી ફેન્સીંગના લીધે હરિયાળા વૃક્ષો તેમજ નવા રોપાઓની જાળવમી સામે પણ પ્રશ્નાર્થ મંડરાય છે.

# વણિકર ભવનના કબજાના વિવાદમાં હાઈકોર્ટમાં રિટ


**ભવનનો કબ્જો પુનઃ પ્રસ્થાપિત કરી આપવા દાદ : રાજય સરકાર, રાજયના પોલીસ વડા, અમદાવાદ પોલીસ કમિશનર સહિતના સત્તાધીશોને નોટિસ**

અમદાવાદ,તા.૧૨

પાલડીની મહાલક્ષ્મી સોસાયટીમાં આવેલા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના કાર્યાલય વણિકર ભવનના કબ્જાના મુદ્દે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગેરકાયદે રીતે ભવનના પચાવી પડાયેલા કબ્જાના વિવાદમાં આખરે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તરફથી ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવવામાં આવ્યા છે. જેની સુનાવણીમાં જસ્ટિસ સોનિયાબહેન ગોકાણીએ રાજય સરકાર, રાજયના પોલીસ વડા, ગૃહવિભાગ, શહેર પોલીસ કમિશનર સહિતના સત્તાવાળાઓ વિરૂધ્ધ કારણદર્શક નોટિસો જારી કરી છે અને કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરી છે. એએચપી તરફથી કરાયેલી પટિશનને લઈને હવે આ સમગ્ર વિવાદમાં વધુ એક કાનૂની પ્રકરણ ઉમેરાયું છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તરફથી કરાયેલી રિટ અરજીમાં એ મતલબના મહત્વના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, વર્ષોથી પાલડીના વણિકર ભવન ટ્રસ્ટનો કબ્જો તેમની પાસે છે અને આ અંગે ખુદ નીચલી કોર્ટના હુકમો અને કોર્ટ કમીશનની પ્રોસીડિંગ્સ પણ થયેલી છે તેમછતાં તાજેતરમાં વિશ્વ હિન્દુ પરિષદના લોકો દ્વારા રાજકીય ઈશારે ગેરકાયદે રીતે તેમના અધિકારક્ષેત્રવાળા ભવનમાં ગેરકાયદે રીતે પોલીસની મદદથી પ્રવેશી કબ્જો લઈ લેવાયો હતો. એટલું જ નહી, તેઓની વિરૂધ્ધના પોસ્ટર્સ પણ લગાવી દેવાયા હતા. વીએચપીના કાર્યકરોએ પોલીસની મદદથી ડો.પ્રવીણ તોગડિયાનો સામાન પણ બહાર ફેંકી દીધો હતો અને એએચપીના કાર્યકરોને ધક્કા મારી હાંકી કઢાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર


**બ્રહ્મભટ્ટ બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી
**વાસુદેવભાઈ કાનજીભાઈ બ્રહ્મભટ્ટ** (અજબાણી) નું
દુઃખદ અવસાન તા.૧૦/૨/૧૯ને રવિવારના રોજ થયેલ છે.
**તેમનું બેસણું / સુંવાળું તા.૧૪/૨/૧૯ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળઃ- ભુવનેશ્વર મહાદેવ તીર્થ, ચીપ ટાઈપ શોપીંગ પાસે, સેક્ટર નં.૬, ગાંધીનગર. (મો.૯૯૭૪૬૩૯૫૯૫)
ગં.સ્વ.મધુબેન વી.બ્રહ્મભટ્ટ
હેતલ જી. બ્રહ્મભટ્ટ (પુત્રવધુ)
ગાયત્રી સી. બ્રહ્મભટ્ટ (પુત્રી)
જાગૃતિ વી. આર્યબંધુ (પુત્રી)
લિ.
ઘનશ્યામ વી. બ્રહ્મભટ્ટ (પુત્ર)
ચિરાગ કે. બ્રહ્મભટ્ટ (જમાઈ)
વિશ્વાસ એસ. આર્યબંધુ (જમાઈ)

**બેસણું**



મારા પૂજ્ય પિતાશ્રી **રમેશચંદ્ર નરસિહલાલ ત્રિવેદી (ગામ-ઘડી, હાલ ગાંધીનગર) નિવૃત્ત, વેચાણ વેરા નિરીક્ષક**નું તા. ૫/૨/૨૦૧૯ના રોજ અમેરિકા મુકામે અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું/સુવાળા તા. ૧૪/૨/૨૦૧૯, ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
**સ્થળ : નલિનીબેન સનતકુમાર જાની સાંસ્કૃતિક હોલ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ**
લિ.
જીગ્નેશ ત્રિવેદી
ભગવતી ત્રિવેદી
ઓમ ત્રિવેદી
ગોપેશ જાની
લીના જાની
મૌનિષ - કશિષ
પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
- બકુલચંદ્ર મોતીલાલ ત્રિવેદી (આમજા)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com